# રાષ્ટ્રીય વનસ્પતિ આનુવંશિક સંસાધન બ્યુરો, નવી દીલ્લી ના નિયામકશ્રી અને પ્રધાન વૈજ્ઞાનિકશ્રીની આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયના શિક્ષણ અને સંશોધન અધિકારી સાથે પરિસંવાદ

ભારતીય કૃષિ સંશોધન પરિષદ-રાષ્ટ્રીય વનસ્પતિ આનુવંશિક સંસાધન બ્યુરો (એનબીપીજીઆર) ના નિયામકશ્રી, ડૉ. જ્ઞાનેન્દ્ર પ્રતાપ સિંગ અને પ્રધાન વૈજ્ઞાનિક, ડૉ. સુશીલ પાંડે, આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયના બે દિવસીય મુલાકાત પર હતા. આ મુલાકાત દરમ્યાન આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયના શિક્ષણ અને સંશોધન અધિકારી સાથે પરિસંવાદનું આયોજન ૫ જુન, ૨૦૨૪ ના રોજકોન્ફરન્સ હોલ, કુલપતિશ્રીની કચેરી ખાતે કરવામાં આવ્યું. આ પરિસંવાદ માનનીય કુલપતિશ્રી, આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય, આણંદ ડૉ. કે. બી. કથીરીયા સાહેબના અધ્યક્ષ સ્થાને યોજયેલ. આ પરિસંવાદમાં ડૉ. જે. કે. પટેલ, વિસ્તરણ શિક્ષણ નીયામકશ્રી, ડૉ. જી. આર. પટેલ, કુલસચિવશ્રી, ડૉ. એસ. એન. શાહ, સહ સંશોધન નિયામકશ્રી, ડૉ. વાય. એમ. શુક્લા, આચાર્ય અને વિદ્યાશાખાદ્યક્ષ, બંસીલાલ અમૃતલાલ કૃષિ મહાવિદ્યાલય તથા ડૉ. એન. આઈ. શાહ, આચાર્ય અને વિદ્યાશાખાદ્યક્ષ, બાગાયત મહાવિદ્યાલય ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે વિશ્વવિદ્યાલયના વરિષ્ઠ વૈજ્ઞાનિકો અને પ્રાધ્યાપકોશ્રી ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી), ડૉ. એ. એસ. ભાણવડીયા, સંશોધન વૈજ્ઞાનિક અને નોડલ અધિકારી (બીજ), ડૉ. ડી. એ. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને વડા, ડૉ. ડી. પી. ગોહિલ, સંશોધન વૈજ્ઞાનિક (ઘાસચારા), ડૉ. કે. વી. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને વડા, ડૉ. જે. એન. પટેલ, સંશોધન વૈજ્ઞાનિક અને વડા, ડૉ. એમ. બી. પરમાર, સહ સંશોધન વૈજ્ઞાનિક અને વડા, ડૉ. એમ. બી. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને વડા તથા ડૉ. આર. જી. પરમાર, સહ પ્રાદ્યાપક અને વડા સહીત અન્ય પાક સુધારણા જૂથના વૈજ્ઞાનિકો પણ હજાર રહ્યા હતા. ડૉ. આર. આર. આચાર્ય દ્વારા શાબ્દિક સ્વાગત કરી બંને મહાનુંભાવોનો સંક્ષિપ્ત પરિચય આપ્યો. ડૉ. કે. વી. પટેલે આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયમાં ચાલતી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની વિવિધ પ્રવૃત્તિઓ વિષે જાણકારી આપી. એનબીપીજીઆરની સંશોધન અને જાળવણી પ્રવૃત્તિઓ તેમજ વિશ્વવિદ્યાલયના સંશોધન કાર્યના વિવિધ અવકાશ વિશે વૈજ્ઞાનિકો વચ્ચે ફળદાયી ચર્ચા થઇ. ડો. જી. પી. સિંગે વનસ્પતિ જર્મપ્લાઝમ પર વિશેષ ભાર સાથે આનુવંશિક સંસાધનોના સંચાલનમાં મજબૂત ભાગીદારી વિકસાવવામાં રસ દાખવ્યો. બંને સંસ્થાઓના પરસ્પર લાભો સાથે સંશોધનના પાસાઓ અને સહયોગી સંશોધનની વિસ્તૃત ચર્ચા થઇ. પરિસંવાદના અધ્યક્ષ ડૉ. કે. બી. કથીરીયા, માનનીય કુલપતિશ્રી, આ પ્રસંગે વિશેષ અભિપ્રાય આપતા આવી ચર્ચાઓની મહત્વતા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે એનબીપીજીઆર સાથે વિશ્વવિદ્યાલયનો ભાવિ સહયોગ ફળદાયી સંશોધન પરિણામો તરફ દોરી જશે. મધ્ય ગુજરાતના મુખ્ય પાકો તેમજ અનુસ્નાતક વિદ્યાર્થીઓના સંશોધનમાં અભ્યાસના નવા ક્ષેત્રો વિકસાવવા માટે આ પરિસંવાદથી અમારા વૈજ્ઞાનિકોના સંભવિત પ્રયાસોમાં વધારો થશે. ડૉ. એન. એ. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે આભારવિધિ કરી હતી.


AAU
कृणवन्तो राष्ट्रं कृषि संपन्नम्
EXIT


Anand Agricultural University
Welcomes
Director


AAU
EXIT

